પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૬૩, કુલ પાના:૪, તારીખ: ૦૪-૧૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 63 PRICE :-RS. 1.50 DATE : 04-11-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# દિવાળી પર્વ પર અયોધ્યા ૧ ૨ લાખ દિવડાથી ઝગમગશે



નવી દિલ્હી,

અયોધ્યામાં આ વર્ષે દીપ પ્રાગટ્યની સંખ્યા ગત વર્ષની તુલનાએ ખૂબ જ વધારે છે. માત્ર રામ કી પૌડી પર જ આશરે ૯ લાખ દીપક પ્રગટાવવામાં આવશે. રામ જન્મભૂમિ પરિસરમાં ૫૧,૦૦૦ દીપક પ્રગટાવવામાં આવશે, અયોધ્યાના પ્રાચીન મંદિરો અને સ્થળોએ ૩ લાખ કરતા પણ વધારે દીવડા પ્રગટાવવામાં આવશે. તે સિવાય અયોધ્યાની ૧૪ કોસી પરિક્રમાની અંદર લગભગ તમામ પૌરાણિક સ્થળો, કુણ્ડો, મંદિરો ખાતે દીવડા પ્રગટાવવામાં આવશે. એટલું જ નહીં, અયોધ્યા સિવાય બસ્તી જનપદના મખોડા ધામ સહિત ૮૪ કોસી પરિક્રમાની અંદર આવતા અનેક સ્થળે પણ દીવડા પ્રગટાવવામાં આવશે. મખૌડા ધામ એ જ સ્થળ છે જ્યાં મહારાજા દશરથે પુત્રેષ્ટ યજ્ઞ કરાવ્યો હતો. ત્યાર બાદ મહારાજા દશરથના ઘરે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નનો જન્મ થયો હતો. અયોધ્યામાં રામ કી પૌડી હોય કે પછી રામ જન્મભૂમિ પરિસર, જ્યારે દીવડાઓની રોશની જોવા મળશે ત્યારે અનેક બાળકોના ચહેરા પર પણ ખુશી જોવા મળશે. હકીકતે તે બાળકોએ જ આ દીપોત્સવ માટે આકરી મહેનત કરી છે. દીપોત્સવમાં આ વખતે ૪૫ સ્વયંસેવી સહાયતાના લોકો ઉપરાંત ૧૫ મહાવિદ્યાલય, ૫ કોલેજ, ૩૫ રામ મનોહર લોહિયા અવધ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ વોલેન્ટિયર તરીકે પોતાનું યોગદાન આપી રહ્યા છે. તેની કુલ સંખ્યા ૧૨ હજાર જેટલી છે. આ તમામ દીવડાઓને પ્રગટાવવા માટે ૩૬,૦૦૦ લીટર સરસિયાનો ઉપયોગ કરવામાં આવશે. તેમને ૩૨ ટીમોમાં અલગ અલગ કરવામાં આવ્યા છે. રામ મનોહર લોહિયા અવધ વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર શૈલેન્દ્ર વર્માને તેના નોડલ અધિકારી બનાવવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકાર બની તે સાથે જ ૨૦૧૭માં અયોધ્યા ખાતે રામ કી પૌડી પર દીપોત્સવ કાર્યક્રમની શરૂઆત થઈ. સૌથી પહેલા આશરે ૧,૮૦,૦૦૦ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. તે જ રીતે ૨૦૧૮ના વર્ષમાં ૩,૦૧,૧૫૨ અને ત્યાર બાદ ૨૦૧૯માં ૫ લાખ ૫૦ હજાર અને ૨૦૨૦માં ૫ લાખ ૫૧ હજાર. હવે ૨૦૨૧માં યોગી સરકારના આ કાર્યકાળના અંતિમ વર્ષમાં અયોધ્યા પોતાના તમામ પાછલા રેકોર્ડ તોડશે અને એક એવો કીર્તિમાન સ્થાપિત કરશે જે એક મોટા પડકાર સમાન હશે. અયોધ્યામાં રામ કી પૌડી ખાતે આ વર્ષે આશરે ૯ લાખ દીવડા પ્રગટાવવામાં આવશે. ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝની ટીમ તેની ગણતરી કરશે. બાકી અયોધ્યામાં ૩ લાખ દીવડા પ્રજ્વલિત થશે અને આ રીતે બધા મળીને કુલ ૧૨ લાખ દીવડા પ્રજ્વલિત થશે. અયોધ્યામાં બુધવારે ભવ્ય કાર્યક્રમોનું આયોજન થશે. સવારે ૧૦:૦૦ વાગ્યે ભગવાન રામની શોભા યાત્રા અને ઝાંખીઓ કાઢવામાં આવશે. તે સાકેત મહાવિદ્યાલયથી શરૂ થઈને રામકથા પાર્ક પહોંચશે. તેમાં કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડી પણ સામેલ થશે. રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આ દરમિયાન ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન હેલિકોપ્ટર દ્વારા રામ-સીતાનું આગમન થશે, ભરત મિલાપ અને રામાયણ ચિત્ર પ્રદર્શનીનું પણ ઉદ્ઘાટન થશે.

# ફટાકડાના પ્રદૂષણથી દૂર રહો શ્વાસમાં તકલીફ પડશે

અમદાવાદ,

શિયાળો શરૂ થઈ ગયો છે. આ ઋતુમાં શરદી, ઉધરસના કેસમાં વધારો જોવા મળે છે. કોરોનાની સ્થિતિમાં બીજીવાર શિયાળો આવ્યો હોવાથી આ વર્ષે હવામાનમાં આ વાઈરસના ફેલાવાથી કેવી અસર થશે એ ધ્યાનમાં લેવું જરૂરી છે. જોકે હાલના દિવસોમાં તો રાજ્યમાં કોરોનાના કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે, પરંતુ દિવાળીનો ધુમાડો અને શિયાળામાં ઠંડી વધતાં આગામી દિવસોમાં કોરોના કેસમાં વધારો થાય તો નવાઈ નહીં. ગત વર્ષે દિવાળી બાદ ઘાતક લહેર શરૂ થઈ હતી. જો વર્ષે સાવચેતી નહીં રાખીએ તો ત્રીજી લહેર પણ શરૂ થવાની શક્યતા નકારી શકાય નહીં.કોરોનાની ઘાતક બે લહેર બાદ પહેલી દિવાળીની રાજ્યભરમાં ધામધૂમથી ઉજવણી થશે. દિવાળીમાં ફટાકડા ફોડવાના કારણે વાયુ પ્રદૂષણ વધે છે. હવામાં એક પ્રકારનો ઝેરી ધુમાડો ફેલાય છે, જે શ્વાસમાં જવાને કારણે શરીરને નુકસાન કરી શકે છે. તેમાં પણ કોરોનામાંથી સાજા થયા હોય તેવા વ્યક્તિઓએ ધુમાડાથી ખાસ બચવું જોઈએ, નહીંતર શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. સામાન્ય રીતે ધુમાડાને કારણે હવામાં પ્રદૂષણ તો ફેલાય જ છે. આ ઉપરાંત લોકોના સ્વાસ્થ્યને પણ નુકસાન કરે છે. કોરોનામાં અનેક દર્દીઓના ફેફસાંઓ પર ગંભીર અસર થઈ હતી, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, ત્યારે કોરોનામાંથી સાજા થયા હોય તેમને ફટાકડાના ધુમાડાને કારણે વધુ નુકસાન થઈ શકે છે. ડોક્ટરોના મતે આવા વ્યક્તિઓએ ધુમાડાથી દૂર રહેવું જોઈએ. આ અંગે ડો. કમલેશ નાયકે દિવ્યભાસ્કરને જણાવ્યું હતું કે જે વ્યક્તિની કોરોનામાં ગંભીર હાલત થઈ હોય તે વ્યક્તિઓએ ધુમાડાવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ અને સ્વસ્થ જગ્યાએ રહેવું જોઈએ. ફટાકડાના ધુમાડાને કારણે એલર્જી અને શ્વાસમા તકલીફ પડવાની બીમારી થઈ શકે છે. કોરોના સિવાય શ્વાસની તકલીફ હોય તો પણ ધુમાડાથી દૂર રહેવું અને ધુમાડારહિત વાતાવરણમાં રહેવું જોઈએ. કોઈપણ પ્રકારના ધુમાડાને કારણે શ્વાસ નડી સંકોચાય છે, જેથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે. ફટાકડા ફોડવાથી કાર્બન મોનોકસાઈડ મોટા પ્રમાણમાં હવામાં ફેલાય છે, જે શ્વાસમાં જવાથી કોરોનાના દર્દીઓને ગૂંગળામણ થઈ શકે છે. સિનિયર સિટિઝન્સે આ દિવાળીએ ફટાકડા ફૂટતા હોય ત્યારે બહાર નીકળવાનું ટાળવું જોઈએ. ફટાકડા ફોડવાથી પ્રદૂષણ સહિત અનેક પ્રકારની સમસ્યા ઊભી થશે. ગુજરાતમાં કોરોનાની સ્થિતિ કાબૂમાં આવી ગઈ છે. ત્યારે નાગરિકોએ સ્વયં જાગૃતતા દાખવી આ મહામારી વધુ ન ફેલાય તેની સાવચેતી પણ રાખવી જરૂરી છે.

# આઈએસ દ્વારા કાબુલની હોસ્પિટલમાં બે હુમલા : ૧૯ના મોત



નવી દિલ્હી,

અફઘાનિસ્તાનમાં તાલિબાનને સમર્થન આપનારા પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મોઈદ યુસુફે કહ્યું હતું કે આગામી દિવસોમાં અફઘાનિસ્તાન અંગે ભારતમાં જે કોન્ફરન્સ યોજાવા જઈ રહી છે તેમાં તેઓ નહીં જોડાઈ. આ કોન્ફરન્સના હોસ્ટ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ છે. પત્રકારોની સાથે વાત કરતા પાક.ના એનએસએ યુસુફે કહ્યું હતું કે ૧૦મી નવેમ્બરે ભારતમાં યોજાનારી અફઘાનિસ્તાન પરની કોન્ફરન્સમાં તેઓ ભાગ નહીં લે. ભારત દ્વારા આ કોન્ફરન્સમાં જોડાવા માટે પાકિસ્તાનના એનએસએને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેને શરૂઆતમાં સ્વિકારી લેવામાં આવ્યું હતું પણ હવે પાક.ના એનએસએનું કહેવુ છે કે તેઓ આ કોન્ફરન્સમાં નહીં જોડાય.અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક સૈન્ય હોસ્પિટલની બહાર સીરિયલ વિસ્ફોટ થયા હતા, જેમાં જે બાદ ગોળીબાર પણ થયો હતો. આ હુમલામાં ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ૫૦થી વધુ લોકો ઘવાયા છે. ઘટનાને નિહાળનારા એક વ્યક્તિએ જણાવ્યું હતું કે હોસ્પિટલની પાસે જ આ હુમલો થયો હતો. ઘાયલોને હાલ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જોકે હુમલાની જવાબદારી કોઈ આતંકી સંગઠને નથી લીધી. બીજી તરફ આ હુમલા માટે આતંકી સંગઠન આઈએસ-કે જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આઈએસના એક આતંકીએ હોસ્પિટલના પ્રવેશ દ્વાર પર ખુદને બોમ્બથી ઉડાવી દીધો હતો. જ્યારે અન્ય હુમલાખોરો ઈમારતમાં ઘુસી ગયા હતા. પ્રવેશ દ્વાર પર બે મોટા વિસ્ફોટ થયા હતા. જે બાદ હોસ્પિટલની અંદર ગોળીબાર પણ થયો હતો. આ એક મોટો આતંકી હુમલો હતો, જેમાં કુલ ૧૯ લોકોનો ભોગ લેવામાં આવ્યો છે જ્યારે ૫૦થી વધુ લોકો ઘવાયા હતા. જેને સારવાર માટે કાબુલની હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. હુમલાખોર આતંકીઓ ક્યા સંગઠનના હતા અને કેમ હુમલો કર્યો તે સ્પષ્ટ નથી થઈ શક્યું પણ જે વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યો તે શિયા મુસ્લિમોનો વિસ્તાર હોવાને કારણે આઈએસ દ્વારા આ હુમલો કરાયો હોવાની શક્યતાઓ છે.

# ધોરણ ૯થી ૧૨ના નવા વિદ્યાર્થીઓને એડમિશન નહીં મળે

અમદાવાદ,

પ્રથમ પરીક્ષા પૂર્ણ થતાં સત્ર પણ પૂર્ણ થયું હોવાથી હવે પ્રવેશ આપવામાં આવે તો વિદ્યાર્થી અગાઉના અભ્યાસથી વંચિત રહી જાય. જેથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા જીલ્લા શિક્ષણઅધિકારીને પત્ર લખીને જાણ કરી છે કે કોઈ પણ વિદ્યાર્થી હવે પ્રવેશ માટે આવે તો તેને બોર્ડની ઓફિસે મોકલવા નહીં. ૩૧ ઓક્ટોબર પછી અરજી કરનારને પ્રવેશ આપવામાં આવશે નહીં.કોરોનાને કારણે શિક્ષણ પર સૌથી મોટી અસર પડી છે. માસ પ્રમોશન બાદ ધોરણ ૯થી ૧૨માં પ્રવેશ આપવામાં શિક્ષણ બોર્ડે મુદત વધારી આપી હતી. પરંતુ હવે દિવાળીનું વેકેશન શરૂ થતાં પહેલાં પ્રથમ પરીક્ષા પૂર્ણ થઈ છે. જેથી હવે સ્કૂલોમાં પ્રથમ સત્ર પણ પૂર્ણ થયું છે. પ્રથમ સત્ર પૂર્ણ થતાં હવે ધોરણ ૯થી ૧૨માં પ્રવેશ હવે બંધ કરવામાં આવ્યો છે. ૩૧ ઓક્ટોબર સુધી પ્રવેશ માટે આવેલી અરજીને જ માન્ય ગણવામાં આવશે. હવે પછી અરજી કરનાર વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ નહીં મળી શકે. કોરોનાને કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ ૯થી ૧૨માં પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓને ૨૦ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ આપવામાં આવ્યા હતાં. પરંતુ ત્યાર બાદ પણ બોર્ડની કચેરીએ વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની અરજીઓ પહોંચતી હતી. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ ઓક્ટોબર સુધી પ્રવેશ માટે મંજુરી આપવામાં આવી હતી. પ્રથમ સત્ર શરૂ થયા બાદ હવે સ્કૂલોમાં પ્રથમ સત્રની પરીક્ષાઓ પણ પૂર્ણ થઈ ગઈ છે. બીજી તરફ દિવાળીનું વેકેશન પણ શરૂ થઈ ગયું છે.

# હવેથી અફઘાનિસ્તાનમાં વિદેશી ચલણનો ઉપયોગ નહિં કરી શકાય

નવી દિલ્હી,

તાલિબાનના પ્રવકતા ઝબીઉલ્લા મુજાહિદના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે, 'ઈસ્લામિક અમીરાત (તાલિબાન) તમામ નાગરિકો, દુકાનદારો, વેપારીઓ અને સામાન્ય જનતાને સૂચના આપે છે કે તમામ વ્યવહારો અફઘાનિસ્તાનમાં કરો અને વિદેશી ચલણનો ઉપયોગ કરવાથી સખત રીતે દૂર રહો.'' નિવેદનમાં આગળ વાંચવામાં આવ્યું છે કે, ''કોઈપણ વ્યક્તિ આ આદેશનું ઉલ્લંઘન કરશે તો તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.'' યુએસ ડોલર અફઘાનિસ્તાનના બજારોમાં વિનિમયનું વ્યાપક માધ્યમ છે. સાથે જ અફઘાનિસ્તાનમાં સરહદી વિસ્તારો વેપાર હેતુઓ માટે પાકિસ્તાન જેવા પાડોશી દેશોના ચલણનો ઉપયોગ કરે છે. પરંતુ તાલિબાનના આ નવા નિર્ણયથી પ્રજા અફઘાનિસ્તાનનો અન્ય દેશ સાથેનો સંપર્ક તુટી ગયો છે. દેશ કોઈ આંતરરાષ્ટ્રીય સમર્થન અને કનેક્ટિવિટી વિના ભયંકર આર્થિક પરિસ્થિતિમાં છે, પરિણામે સામાન્ય લોકો માટે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિ છે. પહેલાથી જ પતનની આરે છે તેવા અફઘાનિસ્તાન માટે આ નવી જાહેરાતના કારણે મુશ્કેલીઓ વધી છે. તાલિબાનના એક પછી એક લેવાતા નિર્ણય ન માત્ર અફઘાનિસ્તાનની પ્રજા પણ અફઘાનિસ્તાન દેશ માટે પણ ભારે પડી રહ્યા છે. તાલિબાને હવે વિદેશી ચલણના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે ત્યારે તાલિબાનનો આ નિર્ણય અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થામાં વધુ વિક્ષેપ લાવી શકે છે. તાલિબાને અફઘાનિસ્તાન પર કબ્જો કરતા જ અફઘાનિસ્તાનની પ્રજા પર આફતો વધી રહી છે. તાલિબાન નવા નવા નિર્ણયોની જાહેરાત કરી ન માત્ર પ્રજા પરંતુ સમગ્ર દેશ પર આફતો લાવી રહ્યુ છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનના આ નિર્ણયથી અન્ય દેશો સાથે હવે અફઘાનિસ્તાનનો સંપર્ક કપાઈ શકે છે. નોંધનીય છે કે, ૧૫ ઓગસ્ટે કાબુલમાં તાલિબાન દ્વારા કબજો મેળવ્યા પછી યુએસ, વર્લ્ડ બેંક અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા અફઘાનિસ્તાનની USD ૯.૫ બિલિયનથી વધુની ઍક્સેસને અવરોધિત કરવામાં આવી છે.

# પ્લાસ્ટિક કચરામાંથી પેટ્રોલ, ડિઝલનો પહેલો પ્લાન્ટ બિહારમાં



બિહાર,

પહેલા દહેરાદૂન સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોલિયમ તરફથી પણ આ પ્રકારનો અખતરો કરવામાં આવ્યો હતો. જે સફળ રહ્યો હતો. આ પ્રકારના પેટ્રોલ અને ડિઝલમાં ઓકટેન વેલ્યૂ વધારે હોવાથી તે વધારે એવરેજ પણ આપે છે. કચરામાંથી પેટ્રોલ કે ડિઝલ બનાવવાની પ્રક્રિયામાં આઠ કલાકનો સમય લાગે છે. પ્લાન્ટમાં ૬ રૂપિયે પ્રતિ કિલો કચરો નગર નિગમ પાસેથી ખરીદવામાં આવશે. તેમાં તૈયાર થનારૂ પેટ્રોલ અને ડિઝલ ૭૦ રૂપિયે પ્રતિ લિટરના ભાવે નગર નિગમ અને ખેડૂતોને વેચવામાં આવશે.પેટ્રોલ ડિઝલના આસમાને આંબતા ભાવો વચ્ચે ખુશી મળે તેવી ખબર એ છે કે, બિહારમાં દેશનો એવો પહેલો પ્લાન્ટ કાર્યરત થયો છે જે પ્લાસ્ટિકના કચરામાંથી પેટ્રોલ અને ડિઝલ બનાવે છે. મુજફ્ફરપુર જિલ્લામાં આ પ્લાન્ટનુ ઉદઘાટન બિહાર સરકારના મંત્રી રામસુરત રાયના હસ્તે થયુ હતુ. દેશનો આ પ્રકારનો પહેલો પ્લાન્ટ છે. જ્યાં પ્લાસ્ટિકના કચરામાંથી પેટ્રોલ અને ડિઝલ બનાવવામાં આવે છે. લોકોને પણ આ પ્રોડકટ પર ભરોસો થાય તે માટે મંત્રી રામસૂરત રાયે તેમાં બનેલુ દસ લિટર ડિઝલ પણ ખરીદયુ હતુ. આ પ્લાન્ટને જોવા માટે લોકો પણ ઉમટી પડ્યા હતા. પ્લાન્ટ લગાડનાર કંપનીના સીઈઓનુ કહેવુ છે કે, ફેકટરીમાં રોજ બસો કિલો પ્લાસ્ટિક કચરામાંથી ૧૫૦ લીટર ડિઝલ કે ૧૩૦ લીટર પેટ્રોલ બની શકે છે. કચરા પર અલગ અલગ પ્રકારની રાસાયણિક પ્રક્રિયા કરીને તેમાંથી પેટ્રોલ કે ડિઝલ બનાવવમાં આવે છે.

# વેક્સિનેશનમાં તેજી લાવવા ધર્મગુરૂઓની મદદ લેવી : મોદી



નવી દિલ્હી,

૧૦૦ વર્ષની આ સૌથી મોટી મહામારીમાં દેશે અનેક પડકારોનો સામનો કર્યો છે. કોરોના સામે દેશની લડાઈમાં એક ખાસ વાત એ પણ રહી કે, આપણે નવા નવા સમાધાનો શોધ્યા અને નવી પદ્ધતિઓ અપનાવી. તમારે પણ તમારા જિલ્લાઓમાં વેક્સિનેશન વધારવા માટે નવી પદ્ધતિઓ પર વધારે કામ કરવું પડશે. વડાપ્રધાને કહ્યું કે, અફવા અને લોકોમાં ફેલાયેલો ભ્રમ પણ એક પડકાર છે. તેનું એક મોટું સમાધાન એ છે કે, લોકોને વધુ ને વધુ જાગૃત કરવામાં આવે. આ માટે તમે સ્થાનિક ધર્મ ગુરૂઓની મદદ પણ લઈ શકો છો. થોડા દિવસો પહેલા હું વેટિકન ખાતે પોપ ફ્રાંસિસજીને મળ્યો હતો. વેક્સિન અંગેના ધર્મગુરૂના સંદેશાને જનતા સુધી પહોંચાડવા પણ આપણે વિશેષ જોર આપવું પડશે. G20 શિખર સંમેલન અને COP26માં સહભાગી બનીને સ્વદેશ પરત આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ ઓછા વેક્સિનેશનવાળા જિલ્લાઓના ડીએમ સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી એક સમીક્ષા બેઠક કરી હતી. બેઠક બાદ વડાપ્રધાન મોદીએ કોરોના વોરિયર્સને સંબોધિત કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વેક્સિનેશનને ઝડપી બનાવવા માટે લોકો જાગૃત બને તે ખૂબ જ જરૂરી છે. કોરોના વોરિયર્સે આ માટે કેમ્પેઈન ચલાવવું પડશે અને લોકોને સમજાવવા પડશે. વડાપ્રધાને કહ્યું કે, આ માટે તમે સ્થાનિક ધર્મગુરૂઓની મદદ પણ લઈ શકો છો. તેમનો બે મિનિટનો વીડિયો ઉતારીને લોકો વચ્ચે સંદેશો આપી શકો છો.

કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી
તારીખ ૨/૧૧/૨૦૨૧, મંગળવારના રોજ
સૌથી વધુ પસંદગી, ઓછા મેકીંગ ચાર્જીસ, સારી ગુણવત્તા....
શ્રીનાથજી જ્વેલર્સ
ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬
ધનતેરસ

અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા

ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ
લઈને આવી રહ્યું છે....
ઓરેવા કંપનીની ઈ-બાઈક નો શોરૂમ એ પણ આપણા વેજલપુર ગામમાં
100% ઈન્ડીયન મેનુફેક્ચરીંગ ઈલેક્ટ્રીક બાઈક
- ના પેટ્રોલની ઝંઝટ.
- ના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન ની માથાકુંટ.
- ના પી.યુ.સી. ની ઝંઝટ.
- ના હેલ્મેટ પહેરવાની જરૂર.
- ના લાયસન્સની જરૂર.
- એક જ વારના ચાર્જીંગથી ૫૦ કિ.મી. ચાલે.
બુકીંગ/વધુ માહિતી માટે મળો
સતિષભાઈ શેઠ
(ધી વેજલપુર નાગરીક સહકારી બેંક લી.-ચેરમેનશ્રી)
મો. ૭૭૭૮૦ ૩૪૯૧૯


## ઓનલાઈન ટેન્ડરીંગ
## નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
## ''ઈ'' પ્રોકયોરમેન્ટ નોટીસ નં.''૧૨'' સને ૨૦૨૧-૨૨
## ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા –૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ચેકડેમના ૧ કામ માટે ઓનલાઈન ટેન્ડર, બી–૨ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૭૫.૩૪ લાખ છે. ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ http://nwr.nprocure.com પર તા.૦૬/૧૨/૨૦૨૧, ૧૮–૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા .૦૬/૧૨/૨૦૨૧ થી તા.૧૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના ૧૮–૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
પાનમ યોજના વિભાગ
ગોધરા

માહિતી/ગોધરા/૬૫૪/૨૦૨૧

### દિવાળી પર્વ નિમીતે મહીસાગર જિલ્લામાં

# કોઈ આકસ્મીક ઘટના/આગના અને અન્ય બનાવ ન બને તેની સલામતી અંગે ખાતરી કરો કે તમારૂં બાળક તમારી દેખરેખ હેઠળ ફટાકડા ફોડે

લુણાવાડા,
મહિસાગર જિલ્લામાં દિવાળી પર્વ નિમીતે જિલ્લામાં કોઈ આકસ્મીક ઘટના/આગના અને અન્ય બનાવ ન બને સલામતી જળવાય તે માટે ખુલ્લી જગ્યામાં ફટાકડા ફોડો અને ખાતરી કરો કે આજુ બાજુ કોઈ જ્વલનશીલ અથવા દાહક પદાર્થ નથી તેનુ ધ્યાન રાખવું. હંમેશા લાયસન્સ ધરાવતા વિક્રેતાઓ પાસેથી ફટાકડા ખરીદો. ક્રેકરના લેબલ પર છાપેલી સૂચનાઓ વાંચવાનું યાદ રાખો, ખાસ કરીને જો ક્રેકર વાપરવા માટે નવું હોય. ફટાકડાને બંધ કન્ટેનરમાં સ્ટોર કરો અને તેને આસપાસના કોઈપણ દાહક અથવા જ્વલનશીલ પદાર્થોથી દૂર રાખો. ક્રેકર સળગાવતી વખતે, સલામત અંતર જાળવો. ફટાકડા ફોડતી વખતે, તમારા વાળને યોગ્ય રીતે બાંધો, ખાસ કરીને જો તમારા વાળ લાંબા હોય તમે શું પહેરો છો તેના પર નજર રાખો. લાંબા અને ઢીલા કપડાં પહેરવાનું ટાળો કારણ કે તેમાં આગ લાગવાની શક્યતા છે. તેના બદલે, ફીટ કરેલા કોટનના કપડાં પહેરો. ખાતરી કરો કે તમારૂં બાળક તમારી દેખરેખ હેઠળ ફટાકડા ફોડે છે. બાળકોનું વિશેષ ધ્યાન રાખો. જો ફટાકડાનો અવાજ બહેરાશભર્યો હોય, તો નુકસાન ટાળવા માટે તમારા કાનમાં કોટન પ્લગ મૂકો. શ્વસન સંબંધી કોઈપણ પ્રકારની સમસ્યાવાળા લોકોએ ઘરની અંદર જ રહેવું જોઈએ. તમારી છતની ટોચ પરથી કોઈપણ જ્વલનશીલ પદાર્થને દૂર કરવાની ખાતરી કરો. ફટાકડા ફોડતી વખતે ફૂટવેર પહેરો, હાથમાં ફટાકડા ફોડશો નહીં સળગતી મીણબત્તીઓ અને દીવાઓની આસપાસ ફટાકડા ખુલ્લા ન છોડો. વીજળીના થાંભલા અને વાયરો પાસે ક્યારેય ફટાકડા ફોડવા નહીં. અડધા બની ગયેલા ફટાકડાને ક્યારેય ફેંકશો નહીં,કે અડકશો નહિ તે જ્વલનશીલ પદાર્થ પર પડી શકે છે અને આગ પ્રગટાવી શકે છે. બહાર સિલ્ક અને સિન્થેટિક ફેબ્રિક ન પહેરો. ફટાકડા ફોડવા માટે ઓપન ફાયર (મેચ અથવા લાઈટર) નો ઉપયોગ કરવાનું ટાળો. તેના બદલે, ફટાકડા ફોડવા માટે સ્પાર્કલર, લાંબા ફાયર લાકડું અથવા અગરબત્તીનો ઉપયોગ કરો. કોઈપણ વાહનની અંદર ફટાકડા ફોડવાનો પ્રયાસ ક્યારેય કરશો નહીં, જો ફટાકડા ફૂટવામાં વધુ સમય લાગે તો તેની સાથે છેડછાડ કરવાનું ટાળો. ક્રેકરથી સુરક્ષિત અંતર જાળવો અને તેને ન ફેલાવવા માટે પાણી રેડો.'' ફટાકડા ફોડતા સેનીટાઈઝરવાળા હાથે ન ફોડવા તેમજ સેનીટાઈઝરની બોટલ દુર રાખવી. એ.પી.એમ.સી. અને કોટન ગોડાઉન વિસ્તાર આજુબાજુ ફટાકડા ફોડવા નહિ. ઈમરજન્સી માટે પાણીની ડોલ હાથમાં રાખો. આગના કિસ્સામાં ફાયર બ્રિગેડને ૧૦૧ પર કોલ કરો. રોગચાળાને કારણે તમારી જાતને અને તમારી આસપાસની જગ્યાઓને સ્વચ્છ રાખવી જરૂરી છે. આવા મુશ્કેલ સમયમાં સેનીટાઈઝર એ જીવનનો અભિન્ન ભાગ છે. સેનીટાઈઝર વાયરસને દુર રાખવામાં અને તમારા હાથને સ્વચ્છ અને સુરક્ષિત રાખવામાં મુખ્ય ભુમીકા ભજવે છે. તેથી જો તમેઆ દિવાળીમાં બહાર જાવ તો પણ તમારી સાથે સેનીટાઈઝરની બોટલ લઈ જવાનું ભૂલશો નહિ.

કોવિડ રોગચાળામાં લોકોનો કોઈપણ મોટો મેળાવડો ટાળવો જોઈએ માસ્ક અને સેનીટાઈઝર જેવી તમામ જરૂરી સાવચેતીઓ સાથે નાના મેળાવડા આ દિવસોમાં આવશ્યક છે. જો તમામ મિત્રો અને પરીવારજનોને ઘરે બોલાવતા હોવ તો અલગ અલગ દિવસોમાં સમાવવાનો પ્રયાસ કરો જેથી કોઈના સ્વાથ્ય માટે જોખમ ન બને.

દિવાળીના તહેવારો નિમીતે ફટાકડાથી આગ લાગવાના તથા વ્યકિતોઓના દાઝી જવાના બનાવો બનવાજોગ હોય છે. જેથી આ બાબતે આપના કક્ષાએથી સલામતી માટે સૂચના આપવા તથા આગના બનાવો બને ત્યારે ફાયર બ્રિગેડ અને અન્ય તમામ બચાવ એજન્સીઓ તાત્કાલીક કાર્યવાહી કરવાની રહે અને તહેવારોમાં સલામતી જળવાય તે હેતુસર મહીસાગર નિવાસી અધિક કલેકટર એ.આઈ. સુથારની અખબારીયાદીમાં જણાવાયું છે.

## મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો અને જિલ્લા/તાલુકા સેવા સદન કે સરકારી કચેરીઓની સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં જાહેર સ્થનળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લાન/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિણતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લાો મેજિસ્ટ્રે ટ એ.આઈ.સુથાર જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લામના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લાો/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યિકતએ/વ્યુકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાયએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાતલિક અસરથી અમલમાં આવે તે રીતે તા.૦૨/૧૧/૨૦૨૧ થી તા. ૧૬/૧૧/૨૦૨૧ (બન્ને દિવસો સહિત) સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્ય.કિતઓ, ગૃહરક્ષક દળની વ્યાકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સાટ તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

## માનવતા બચાવવા સૌર ઉર્જાને અપનાવો : વડાપ્રધાન મોદી



ગ્લાસગો,
વડાપ્રધાન મોદીએ ગ્લાસગોમાં ઈંફ્રાસ્ટ્રક્ચર ફોર રેસિલિએંટ આઈલેંડ સ્ટેટ્સ ઈનિશિએટિવના લોન્ચિંગ દરમિયાન વિશ્વને ક્લાઈમેટ ચેંજ અંગે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે ઈંફ્રાસ્ટ્રક્ચર ફોર રેસિલિએંટ આઈલેંડ સ્ટેટ્સ ઈનિશિએટિવનું લોંચ થવું એક નવી આશા જગાવે છે. અને નવો વિશ્વાસ પણ આપે છે. આ ખતરાની કગાર પર ઉભેલા દેશને કંઈક કરવાનો સંતોષ આપે છે. મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક દશકોથી સ્પષ્ટ થયું છે કે ક્લાઈમેટ ચેંજના પ્રકોપથી કોઈ અછુત નથી. પછી તે વિકસિત દેશો હોય કે વિકાસશિલ દેશો હોય. દરેક માટે મોટો ખતરો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લાસગોમાં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે વન સન, વન વર્લ્ડ એંડ વન ગ્રિડ ન માત્ર સંગ્રહની જરૂરતોને ઓછુ કરશે સાથે સાથે સૌર પ્રોજેકટની વ્યવહાર્યતાને પણ વધારશે. મોદીએ કહ્યું હતું કે આપણે માનવતાને બચાવવા માટે સૂર્યની સાથે ચાલવુ પડશે. ગ્લાસગોમાં કોપ૨૬માં એક્સલરેટિંગ ક્લીન ટેક્નોલોજી ઈનોવેશન એંડ ડેવલપમેંટ પર આયોજિત કાર્યક્રમમાં મોદીએ કહ્યું કે ફોસિલ ઈંધણના ઉપયોગને કેટલાક દેશોએ સમૃદ્ધ બનાવ્યો છે. જોકે પૃથ્વી અને પર્યાવરણને ખરાબ બનાવી દીધી છે. અને ટકાઉ છે. જોકે પડકારો એ છે કે આ ઉર્જા માત્ર દિવસના સમયે જ ઉપલબ્ધ હોય છે. અને હવામાન પર નિર્ભર હોય છે. વન સન, વન વર્લ્ડ એંડ વન ગ્રિડ આ સમસ્યાનું સમાધાન છે. વિશ્વવ્યાપી ગ્રિડના માધ્યમથી સ્વચ્છ ઉર્જાને ક્યાંય પણ અને ગમે ત્યારે પ્રેષિત કરી શકાય છે.

## વડાપ્રધાન મોદી જમ્મુ કાશ્મીરમાં સૈનિકો સાથે દિવાળી મનાવશે



જમ્મુ-કાશ્મીર,
જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા એક મહિનામાં ૧૪ સૈન્ય જવાનોએ શહીદી વહોરી છે. આ સંજોગોમાં સૈનિકોનું મનોબળ વધારવા વડાપ્રધાનની મુલાકાત મહત્ત્વપૂર્ણ બની રહેશે. પીએમની મુલાકાત દરમિયાન નૌશેરામાં સેનાના ઉત્તરી કમાન્ડના તમામ વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ પણ હાજર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાનના પ્રવાસને સુરક્ષિત બનાવવા માટે ઘણા વરિષ્ઠ અધિકારીઓએ નૌશેરામાં પડાવ નાખ્યો છે. જોકે, સેનાએ હજુ સુધી પીએમની મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરી નથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં સરહદોની રક્ષા કરતા સૈન્યના જવાનો સાથે દિવાળીનો તહેવાર ઉજવશે. વડાપ્રધાન દિવાળી પર જમ્મુ વિભાગના રાજૌરી જિલ્લાના નૌશેરા આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, દર વર્ષે દિવાળી સૈન્ય જવાનોની વચ્ચે ઉજવે છે. ઉચ્ચ સ્થાને રહેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, દિવાળી પર નિયંત્રણ રેખાની ( LOC) સુરક્ષા માટે ફરજ બજાવતા સૈન્યના નૌશેરા બ્રિગેડમાં આવશે. વડાપ્રધાનની મુલાકાતને લઈને, સમગ્ર નૌશેરા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. વડાપ્રધાનની મુલાકાત માટે રાજૌરીમાં અંકુશ રેખાની સુરક્ષાની સાથે સાથે રાષ્ટ્રવિરોધી તત્વોની યોજનાઓને નિષ્ફળ બનાવી રહેલા સેનાના જવાનોના ઉત્સાહ સાતમા આસમાને છે. હાલમાં જમ્મુ-કાશ્મીરમાં કાયમી શાંતિ સ્થાપવા માટે સેના દ્વારા મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ૧૧ ઓક્ટોબરે રાજૌરીને અડીને આવેલા પુંછ જિલ્લાના બટાધુલિયન જંગલોમાં આતંકીઓ વિરુદ્ધ સેના દ્વારા મોટાપાયે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓ સાથેની અથડામણમાં સેનાના ૯ જવાન શહીદ થયા હતા. આ વિસ્તારને આતંકવાદ મુક્ત બનાવવા માટે સૈનિકો પોતાના જીવને હથેળી પર રાખીને લડી રહ્યા છે.

## અમદાવાદમાં સવારે રસીકરણ સાંજે હોલ ભાડે મળશે

અમદાવાદ,
જ્યારે રસીકરણનું ભારણ ઘટ્યું છે અને કોરોનાનો કહેર પણ ઘયો છે, ત્યારે મહાનગરપાલિકાએ અન્ય પ્રસંગો માટે હોલ ભાડે આપવાની જાહેરાત કરી છે. લગ્ન પ્રસંગની સિઝન આવી રહી છે ત્યારે લોકોને પ્રસંગ માટે હોલ મળી રહે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. હોલમાં સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી રસીકરણની કામગીરી શરૂ રાખવામાં આવશે અને સાંજના સમયે હોલ વિવિધ પ્રસંગો માટે આપવામાં આવશે.શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરના ૧૦૦ ટકા લોકોને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. ત્યારે જણાવી દઈએ કે બીજી લહેર બાદ કોર્પોરેશનના વિવિધ હોલમાં રસીકરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. જેના કારણે હોલ અન્ય કામ માટે આપવામાં આવતા ન હતા. હોલમાં રસીકરણ કેન્દ્રો શરૂ કરવામાં આવતા હોલને ભાડે આપવામાં આવતા નહોતા. છેલ્લા આઠ મહિનાથી હોલમાં રસીકરણ સિવાયના કોઈ કાર્યક્રમો કરવાની પરવાનગી નહોતી.

## ચોટીલામાં દર્શનાર્થીઓ મંદિરમાં ફોટોગ્રાફી- વિડિયોગ્રાફી કરી શકશે




ચોટીલા,
દિવાળીએ ઘણી છુટછાટ છે. દિવાળીથી લાભ પાંચમ સુધીમાં ચામુંડા માતાજીના દર્શને લાખો ભાવિકો આવશે એવું તારણ છે. તેમજ શહેરોમાં ખરીદી માટેની ભીડ જોતાં અને કોરોના હળવો થતાં લાગી રહ્યું છે કે ભક્તો વધુ માત્રામાં દર્શન માટે આવી શકે છે. તો આ છૂટથી વૃદ્ધ અને માતાજીના દર્શન કરવા ચોટીલા ડુંગર જવામાં અસક્ષમ લોકોને આનંદ મળશે. જણાવી દઈએ કે યાત્રિકોની એવી લાગણી વ્યક્ત થતી હતી કે જ્યારે પરિવારની કોઈ વ્યક્તિ હોસ્પિટલમાં હોય છે. કે પછી ઘરનું કોઈ વડીલ ઉંમરલાયક ઘરે હોય પરંતુ અહીં આવી ના શકે ત્યારે તેમની આસ્થા હોય છે કે મોબાઈલ કે વિડીયો અથવા વિડીયો કોલથી તેઓ દર્શન કરી શકે. ત્યારે મોબાઈલ દ્વારા આ ઈચ્છા પૂરી કરવા અનેક ભાવિકો મોબાઈલ કે કેમેરાથી ફોટો લેવાની અદમ્ય ઈચ્છાઓ વ્યક્ત કરતા હતા. જેને લઈને હવે આ નિર્ણય લેવાયો છે.ચોટીલા ચામુંડા માતાજીનું ધામ છે. અહીં ડુંગર પર બિરાજમાન માતા ચામુંડાના દર્શન માટે દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો આવે છે. યાત્રાધામ ડુંગર પર હોવાના કારણે ઘણા વૃદ્ધ અને અ સક્ષમ ભક્તો નીચે થી જ માતાજીના દર્શન કરતા હોય છે. જો કે ઉપર માતાજીની મૂર્તિના ફોટા પાડવાની વર્ષોથી સખ્ત મનાઈ હતી. પરંતુ હવે ભક્તો માટે ખુશખબર છે. જેઓ માતાજીના ધામે જવા કે ઉપર જઈને દર્શન કરવા અસક્ષમ છે તેઓને પણ હવે સરળતાથી માતા ચામુંડાના દર્શન થશે. જી હા આસો સુદ અગિયારસથી હવે માતાજીની મૂર્તિના ફોટા વિડીયો લઈ શકવાની છૂટ આપવામાં આવ્યાના અહેવાલ સામે આવ્યા છે. ખાનગી સમાચાર સંસ્થાના અહેવાલમાં જણાવ્યું છે કે આ ફોટા અને વિડીયો લેવાની અનુમતિથી માડીના ભક્તોમાં ખુશીની લહેર ફરી વળી છે. ચોટીલા ચામુંડા માતાજીના દર્શને આખું વર્ષ દેશ વિદેશના યાત્રાળુઓ આવે છે. ત્યારે ડુંગર ઉપર બીરાજમાન ચામુંડા માતાજીના ફોટા પાડવાની કે વિડીયો ઉતારવાની વર્ષોથી સખ્ત મનાઈ હતી. ભક્તો માત્ર દર્શન કરીને પાછા વળતા હતા. પરંતુ હવે માતાજીની છબી પણ સાથે લઈ જઈ શકશે. અહેવાલમાં કહેવાયું છે કે ચામુંડા માતાજી ડુંગર મહંત પરિવારના મનસુખગિરિ ગોસાઈએ આ વિશે માહિતી આપી છે. તેમણે જણાવ્યું હતું કે માતાજીના લાખો ભક્તોની લાગણી હતી કે મૂર્તિના ફોટા પાડવાની છૂટ આપવામાં આવે. તેથી હવે ભક્તોની આસ્થા અને શ્રધ્ધાને ધ્યાનમાં રાખીને અગિયારસથી ફોટા તથા વિડીયો લઈ શકવાની છૂટ આપવામાં આવી છે. ત્યારે ગયા વર્ષે કોરોનાના કારણે ભક્તો દર્શન માટે આવી શક્યા ન હતા. તેમાં જ દિવાળીના તહેવારો બધે સાવ ફીકા ગયાં હતાં. આ સમયે ઘણા લોકોએ મોબાઈલ કે ઈન્ટરનેટના માધ્યમથી દર્શન કર્યા હતા.

## ગાંધીનગરના સફાઈ કર્મચારીઓનો પગાર મુદ્દે એજન્સીની ઑફિસે હોબાળો

ગાંધીનગર,
સફાઈ કામદારો કામગીરીથી અડગા રહેતાં શહેરમાં અનેક સ્થળે સફાઈને અસર પહોંચી હતી. જેમાં કેટલાક સ્થળેથી તો રસ્તા પર કચરાના ઢગલાં જોવા મળ્યા હતા. તહેવારના સમયે જ ઉભી થયેલી માથાકૂટને પગલે શહેરની સ્વચ્છતાં જોખમાશે તેવી ભીતી સેવાઈ રહી છે. સેક્ટર-૬ ખાતે નવા બનેલા સરકારી આવાસોનું મંગળવારે લોકાર્પણ થયું હતું. લાંબા સમયથી આ વિસ્તારમાં સફાઈ થઈ ન હતી. જોકે સીએમના આગમનને પગલે તંત્ર દોડતું થયું હતું. જેમાં છેલ્લી ઘડી સુધી આસપાસના વિસ્તારમાં સફાઈ થતી જોવા મળી હતી ગાંધીનગર કોર્પોરેશનમાં એજન્સી મારફતે કામ કરતાં સફાઈ કામદારોનો પગાર કપાતા છેલ્લા ૧૫ દિવસથી માથાકૂટ ચાલી રહી છે. સ્માર્ટવોચના આધારે પગાર થતાં અનેક કર્મચારીના પગારમાં ભારે કપાત થઈ છે. આખો મહિનો શહેરમાં સફાઈ કરનાર અનેક કામદારોમાં ખાતામાં માંડ ૨ હજાર, અઢી હજાર, પાંચ હજાર જેવા પગાર જ આવ્યો હતો. જે મુદ્દે કોર્પોરેશન તંત્રને મૌખિક અને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જોકે આ મુદ્દે કોઈ ઉકેલ ન આવતા આખરે મંગળવારે સફાઈ કામદારોમાં રોષ વ્યાપી ગયો હતો. ૨૦૦થી વધુ સફાઈ કામદારો સેક્ટર-૧૧ ખાતે સફાઈની એજન્સીની ઓફીસ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં કલાકો સુધી બેસી રહ્યાં હતા જોકે તેઓને પ્રશ્નનો નિરાકણ આવ્યું ન હતું. જેને પગલે આખો દિવસ અનેક વિસ્તારમાં સફાઈનું કામ થયું ન હતું. હવે આજે સફાઈ કામદારો કઈ દિશામાં પહોંચે તે જોવાનું રહે છે. કારણ કે ધનતેરસ પૂર્ણ થઈ ગયા બાદ આવતીકાલે દિવાળી છે અને પછી બેસતું વર્ષ છે. ત્યારે તહેવાર ટાણે જ પૈસા કપાતાં અનેક સફાઈ કામદારોની દિવાળી બગડી છે. તો અનેકને ઉધારી કરીને તહેવાર કાઢવો પડે તેવી સ્થિતિ છે. સફાઈ કામદારોના આક્ષેપ મુજબ સફાઈની એજન્સી અને તંત્ર બંને એકબીજાને ખો આપે છે. તંત્રને રજૂઆક કરવા જાય ત્યારે અધિકારીઓ એજન્સીને પગાર કરવા માટે કહેશે તેવું કહે છે જ્યારે એજન્સી પાસે જાય તો કોર્પોરેશનમાં રજૂઆત કરીને સ્માર્ટવોચનું નિરાકરણ લાવવા માટે આશ્વાસન અપાય છે. ત્યારે એજન્સી અને તંત્ર વચ્ચે હાલ તો સફાઈ કામદારો મુશ્કેલીમાં મુકાયા છે.

## દરેકને ઘર મળે તે માટે સરકાર પ્રયત્નશીલ : મંત્રી ઋષિકેશ પટેલ

અમદાવાદ,
પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અન્વયે અમદાવાદના નિર્માણ પામેલા આ આવાસોમાં બે રૂમ, વોશ એરિયા, રસોડુ, શૌચાલય અને બાથરૂમની સુવિધા ઉપરાંત પી.એન.જી ગેસ પાઈપલાઈન કનેક્શન પણ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. એટલુ જ નહીં લીફ્ટ, ફાયર સેફ્ટી, , સ્ટ્રીટ લાઈટ, પાકા રસ્તા,પાર્કિંગ, આંગણવાડીની જેવી સુવિધાઓ પણ આ વસાહત ધરાવે છે. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર કિરીટ પરમાર, ધારાસભ્ય રાકેશ શાહ, ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ, દંડક અરુણ સિંહ રાજપુત, પૂર્વ મેયર અમિત શાહ , અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ , પદાધિકારીઓ આવાસ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત સરકારે જણાવ્યું હતું કે, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવરંગપુરા વોર્ડ વિસ્તારના પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત રૂ.૧૬.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૭૫ આવાસોનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિને એવી ઈચ્છા હોય છે કે એને પોતાનું ઘરનું ઘર હોય અને આજે દરેકનું આ સ્વપ્ન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને લીધે સાકાર થઈ રહ્યું છે જે ખૂબ જ ગૌરવની વાત છે.૨૦૨૨ સુધીમાં સૌ કોઈને પોતાનું ઘર મળી રહેએ દિશામાં આજે આપણે એક વધુ સફળતાનું ડગલુ ઉમેર્યુ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,રાજ્ય સરકારની બધી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સરકાર કટિબદ્ધ છે અને શહેર કે ગ્રામ્ય વિસ્તારનો એક પણ વ્યક્તિ સરકારની કલ્યાણકારી યોજનાઓ થી વંચિત ન રહે તે માટે સરકાર સતત તેની દરકાર રાખે છે. કોરોના રસીકરણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે,આજે ભારત દેશ ૧૦૦ કરોડથી વધુ રસીના આંકડાને પાર કરી ગયું છે,તે ખૂબ જ આનંદની વાત છે.મંત્રીએ ત્યાં ઉપસ્થિત સૌ કોઈ ને બંને ડોઝ લેવા માટે અપીલ કરી હતી.સાથે સાથે સૌ કોઈ સ્વચ્છતા, અને આરોગ્ય પ્રતે સ્વભાન સેવે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

## ભારતના તમામ દ્વીપોનું સર્વેક્ષણ કરાવાયું છે: અમિત શાહ

નવી દિલ્હી,
ગૃહ મંત્રાલય કાંઠા વિસ્તારની સુરક્ષામાં આવતા પડકારોનું ગંભીરતાથી આકલન કરી રહ્યું છે. તેમણે કહ્યું કે બેઠકમાં કરવામાં આવેલાં સૂચનોને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યો સાથે મળીને તટીય સુરક્ષાને અભેદ્ય બનાવવા માટે યોગ્ય અને પૂરતાં પગલાં લેવામાં આવશે. અમિત શાહે કહ્યું કે પહેલી વાર ભારતના તમામ ટાપુઓનું સર્વેક્ષણ કરાવાયું છે અને આ બાબતે મળેલા અહેવાલના આધારે ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે તટીય સુરક્ષામાં ઘણાં મંત્રાલયો અને એજન્સીઓની ભૂમિકા છે અને એમની વચ્ચે પરસ્પર સમન્વય-સંકલન સાધીને જલદી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તમામ હિતધારકોની બેઠક યોજીને તટીય સુરક્ષાને વધુ મજબૂત કરવામાં આવશે. બેઠકમાં ઘણા મહત્ત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી અને તટીય સુરક્ષાને જમીન સરહદ સુરક્ષાની સમકક્ષ અને સુદૃઢ કરવા માટેનું સૂચન પણ કરવામાં આવ્યું. બેઠકમાં ઉપસ્થિત સભ્યોએ તમામ રાજ્યોમાં અલગ કૉસ્ટલ પોલીસ કૅડરની રચના કરવા અને ટેક્નોલોજીની મદદથી ટાપુઓ અને તટીય વિસ્તારોની દેખરેખનું પણ સૂચન કર્યું હતું. આ ઉપરાંત, કાંઠાના વિસ્તારોના ચોતરફ વિકાસ માટે યોગ્ય માત્રામાં બજેટ ફાળવણી અને કૉસ્ટલ પોલીસ મથકોના અસરકારક સંચાલન પર પણ ભાર મૂકાયો હતો. આ માટે પોલીસ કર્મચારીઓની યોગ્ય તાલીમની વ્યવસ્થા અને સુરક્ષાની દૃષ્ટિએ માછીમારોને તાલીમ આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. દરિયામાં જહાજો અને માછલી પકડવા જતી નૌકાઓ વચ્ચે થતી અથડામણને ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોકવા માટે પણ ચર્ચા થઈ હતી. સભ્યોએ તટીય સુરક્ષાની સાથે સમુદ્રી વેપાર અને બ્લ્યુ ઈકોનોમીને વધારવા પર પણ ભાર મૂક્યો હતો. બેઠક દરમ્યાન તટીય સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવા માટે લેવાયેલાં પગલાં પર ગૃહ મંત્રાલયના સીમા વ્યવસ્થાપન વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું જેમાં તટીય સુરક્ષા યોજનાના તબક્કા ૧ અને તબક્કા ૨ની સમાપ્તિ અને ત્રીજો તબક્કો શરૂ કરવાની ચર્ચા કરવામાં આવી હતી.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલયની પરામર્શ-કન્સલ્ટેટિવ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી જેમાં તટવર્તીય સુરક્ષા વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ગૃહ રાજય મંત્રી નિત્યાનંદ રાય અને અજય મિશ્રા, કેન્દ્રીય ગૃહ સચિવ, મત્સ્યપાલન સચિવ, ભારતીય તટરક્ષક અને ગૃહ મંત્રાલયના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અનુસાર સીમા વ્યવસ્થાપન વિભાગ, ગૃહ મંત્રાલય દ્વારા તટીય સુરક્ષાને વધારે મજબૂત કરવાની દિશામાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘણાં કાર્યો થયાં છે અને સૌનાં સૂચનોથી એને વધુ સારાં બનાવી શકાય છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ શહેરમાં તહેવારને લઈ બજારો ઉભરતા ટ્રાફિક જામના દ્રશ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરના બસ સ્ટેન્ડ તેમજ રેલવે સ્ટેશન ખાતે મુસાફરોની ભારે અવરજવર જોવા મળી રહી છે. ખાસ કરીને દાહોદ જિલ્લામાંથી અન્યત્ર મજૂરીકામ અર્થે જતા શ્રમિકો પરત માદરે વતન કરી રહ્યા છે. જેને પગલે દાહોદ બસ સ્ટેશન રેલ્વે સ્ટેશન વિસ્તાર ખાતે પણ ભારે અવરજવરના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તો બીજી તરફ દાહોદ સ્માર્ટ સિટીમાં તમામ જાહેર માર્ગો ઉપર આમ તો ટ્રાફિકજામના દ્રશ્યોએ માઝા મૂકી છે, પરંતુ હાલ દિવાળી જેવા તહેવાર ટાણે ખાસ કરીને દાહોદ શહેરમાં ખરીદી માટે આસપાસના ગ્રામજનો સહિત ગ્રામીણ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાં આવેલ ગરબાડા ચોકડી સ્થિત આજરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં વાહનચાલકો તેમજ રાહદારીઓનેને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે કલાકો સુધી ટ્રાફિકજામના દ્રશ્યોને પગલે વાહનચાલકો તેમજ રાહદારીઓને તેમજ સ્થાનિકોમાં ભારે રોષની લાગણી પણ જોવા મળી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ટ્રાફિક સમસ્યા દાહોદ શહેરમાંથી હળવી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે. દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં સ્માર્ટ સીટી અંતર્ગત અનેક કામો કરવામાં આવી રહ્યા છે, પરંતુ તહેવાર ટાણે ટ્રાફિક જામનાને પગલે લોકોમાં એક પ્રકારનો છૂપો આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

## લીમખેડાના કુણધા પંચાયતમાં બક્ષીપંચ વસ્તીના આધારે એક જ વોર્ડ ફળવાતા ચુંટણી બહિષ્કારની ચિમકી

લીમખેડા,
કુણધા પંચાયતમાં ૨૦૧૧ની વસ્તી પ્રમાણે વસ્તી ૩૮૪૧ છે. જેમાં જનરલ ઓબીસી ૧૬૪૧ તથા ૧૪૨૭ એસ.ટી.તેમજ ૭૩૩ એસ.સી.ની વસ્તી દર્શાવી છે. તાજેતરમાં જ કુણધા પંચાયતમાં ૧૦ વોર્ડની રચના કરી છે. જેમાં ગ્રામજનોએ તલાટી તથા સરપંચ દ્વારા વોર્ડ ૯ તથા ૧૦માં બક્ષીપંચની મહત્તમ વસ્તી હોવા છતાં પણ અન્ય સમાજના મતદારોને બીજા વોર્ડમાંથી વોર્ડ ૯ તથા ૧૦માં દર્શાવી વોર્ડ રચનામાં ગેરરિતી આચર્યાનો આક્ષેપ કરતી ફરિયાદ કરી છે. ગ્રામજનોએ વોર્ડ રચનામાં તટસ્થ તપાસ હાથ ધરી વસ્તીના આધાર પ્રમાણે રચના કરે તેવી માંગ કરી છે. તેમજ વોર્ડ રચનામાં ગેરરિતી આચરનારા તત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવુ પણ ફરિયાદમાં જણાવાયુ છે અને વોર્ડ રચનામાં સુધારો નહિ થાય તો ચુંટણી બહિષ્કારની બક્ષીપંચ સમાજ દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## દાહોદ બીજેપી કાર્યાલય ખાતે ભગવાન ધનવંતરીનું પૂજન કરાયું

દાહોદ,
તા.૨/૧૧/૨૦૨૧ મંગળવારને ધનતેરસના શુભદિને ભારતીય જનતા પાર્ટી, દાહોદના ડૉ.સેલ દ્વારા જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ભગવાન ધનવંતરીનું સામુહિક પૂજન કરવામાં આવ્યું. જેમાં જીલ્લા ભાજપા મહામંત્રી કનૈયાલાલ કિશોરી, ડૉ સેલના કન્વીનર ડૉ.કે.આર.ડામોર અને ડૉ.નિલમભાઈ બામણ, દાહોદ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, દાહોદ તાલુકા પ્રમુખ મુકેશભાઈ લબાના, ધમુભાઈ પંચાલ, વિજયભાઈ પરમાર તથા ડૉ.સેલના હોદ્દેદારો અને વિવિધ શાખાઓના તબીબો હાજર રહ્યા હતા અને ભગવાન ધનવંતરી પૂજનમાં ભાગ લીધો અને સૌના સારા આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી.

## સિંગવડના રાણીપુરા ગામે વહેલી સવારે ઘરમાં ઉંઘી રહેલા ૬૦ વર્ષીય વૃધ્ધા ઉપર દિપડાનો હુમલો ગંભીર ઈજાઓ

દાહોદ,
દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના રાણીપુર ગામએ ઘરમાં મીઠી નિંદર માણી રહેલ એક ૬૦ વર્ષીય વૃદ્ધ મહિલા ઉપર દીપડાએ હુમલો કરતાં ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને વડોદરાની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યાનું જાણવા મળે ત્યારે દીપડાના હુમલાના પગલે વૃદ્ધાએ બૂમાબૂમ કરી મૂકતા દીપડો ભાગી ગયો હતો. આ અંગેની જાણ સ્થાનિક વનવિભાગને કરાતા તેઓ પણ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને દિપડાને પાંજરે પુરવાના ચક્રો ગતિમાન કર્યા છે.
સીંગવડ તાલુકાના રાણીપુર ગામે રહેતા ૬૦ વર્ષીય ભાભોર ભુરકિબેન ચુનિયાભાઈ આજરોજ વહેલી સવારે ૪ થી ૫ના સમયગાળા દરમિયાન પોતાના ઘરમાં ઓસરીના ભાગે ઊંઘી રહ્યા હતા અને ઘરનો મુખ્ય દરવાજો પણ ખુલ્લો હતો ત્યારે હિંસક દિપડાએ ઘરમાં પ્રવેશ કર્યો હતો અને મીઠી નિંદર માણી રહેલા ભુરકિબેનને ઓઢી રાખેલ ગોદડી ખેચી હતી અને ભુરકિબેનનો હાથ બહારના ભાગે નીકળતા દીપડાએ પંજા માર્યા હતા તેમજ બચકા ભર્યા હતા. ભુરકિબેને બૂમાબૂમ કરી મૂકતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને આ દરમિયાન દીપડો નાસી ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત ભુરકિબેનને પ્રથમ દાહોદની હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાંથી ગોધરા લઈ ગયા હતા જ્યાં ભુરકિબેનની સ્થિતિ નાજુક જણાતા તેઓને વધુ સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સમગ્ર ઘટનાની જાણ સ્થાનિક વનવિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ત્યાં હાલ દીપડાને પાંજરે પૂરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી રહી છે.

## દાહોદ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અંતર્ગત અમૃત મહોત્સવ ઉજવાયો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,
જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ-દાહોદ અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે આજે તારીખ-૩-૧૧-૨૧ ના રોજ દેવગઢ બારીયા તાલુકા કાનૂની સેવા સમિતિના વકીલો એ આહાર ખાતે ઉપસ્થિત રહી લાભાર્થીઓને માટે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજી, મફત કાનૂની સહાય કોને મળી શકે?- તે માટે ક્યાં સંપર્ક કરવો ?અને તે માટેના સૌના બંધારણીય અધિકારની વિસ્તૃત માહિતી આપી, તે અંગેના પેમફ્લેટ વહેંચવામાં આવેલ ઉપરાંત બારીયા અદાલતના વકીલોએ માહિતી સાથે સૌને પોતાના તરફથી બિસ્કુટનું પેકેટ અને રોટલી-દાળ-ભાત-શાક-ફુલવડી અને મૈસુરના ટીફિન પોતાના હાથે ભરી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી.

## અમદાવાદમાં AMTS, BRTSમાં વેક્સિન સર્ટિફિકેટનો ફિયાસ્કો



અમદાવાદ,
અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જ્યારે આ નિર્ણય કરવામાં આવ્યો હતો ત્યારે થોડા દિવસ સુધી પાલિકાની વિજીલન્સ દ્વારા લોકોએ કોરોના વેક્સીન લીધી છે કે, નહીં તેની તપાસ કરવામાં આવતી હતી. પણ જેમ-જેમ દિવસો વિતતા ગયા તેમ-તેમ અધિકારીઓની કામગીરી ઢીલી પડતી ગઈ. તો શરૂઆતમાં અધિકારીઓ ચેકિંગ કરવા માટે આવશે તેવા ડરના કારણે તો ઘણા લોકોએ બસની જગ્યા પર રીક્ષામાં મુસાફરી કરવાનું શરૂ કર્યું છેરાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે. કોરોનાના નવા કેસ પણ ઓછા સામે આવી રહ્યા છે. તેથી રાજ્ય સરકાર દ્વારા લોકોને વધારે છૂટછાટ આપવામાં આવી છે. સરકાર દ્વારા કોરોનાની ત્રીજી લહેરની આશંકાને લઈને વેક્સીનેશન પણ ઝડપી કર્યું છે. ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા એક નિર્ણય કરવામાં આવ્યો હતો કે, જે લોકોએ વેક્સીન લીધી નથી તેમને AMTS, BRTS બસ અને ફરવા લાયક સ્થળો પર પ્રવેશ આપવામાં આવશે નહીં. આ ઉપરાંત જે લોકોએ પહેલો ડોઝ લીધો છે અને બીઝો ડોઝનો સમય થયા છતાં પણ વેક્સીન નથી લેતા તો તેમને પણ આ જ નિયમ લાગુ પડે છે. અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા બસોમાં બેસતા લોકોએ વેક્સીન લીધી છે કે, નહીં તે બાબતે તપાસ પણ કરવમાં આવી હતી. તેથી લોકોને તેમની સાથે વેક્સીનેશન સર્ટીફીકેટ રાખવાનું કહેવામાં આવ્યું હતું. પણ હવે અમદાવાદ BRTS અને AMTS બસ રામ ભરોષો હોય તેવું લાગે છે. બસમાં બેસનાર મુસાફરો જ કહી રહ્યા છે કે, આ બાબતે ચેકિંગ થતું નથી. અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં બસ સ્ટેશનનું કામ ચાલી રહ્યું હોવાથી લોકોને રસ્તા પરથી બસમાં બેસવું પડે છે. આ ઉપરાંત ટિકિટ બારી પર કે બસમાં બેસીએ ત્યારે વેક્સીનેશન સર્ટીફીકેટની તપાસ થતી નથી. આ બાબતે કૌશિક પરમાર નામના એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ ATMS બસમાં રોજ ચેકિંગ કરવા માટે આવતી નથી. લગભગ એક અઠવાડિયામાં એક વાર જ આવે છે. તો બસમાં મુસાફરી કરનાર બીનાબેન નામના એક મુસાફરે જણાવ્યું હતું કે, અમદાવાદમાં છસ્જી બસ સ્ટેશનનું સ્ટેન્ડ લાલ દરવાજા હોવાના કારણે લોકોને હેરાન પરેશાન થવાનો વારે છે. તો બસ સમય કરતા મોડી આવે છે અને બસમાં બેસીએ છીએ ત્યારે વેક્સીનેશન સર્ટીફીકેટ ચેક કરવામાં આવતું નથી.

## યુપીમાં ૧૫ હજાર કરોડનું બાઈક બોટ કૌભાંડ પકડાયું

નવી દિલ્હી,
રોકાણકારોને માસિક ભાડુ, ઈએમઆઈ અને બોનસ, વધુ રોકાણકારોને જોડવા પર ઈન્સેન્ટીવ જેવી લાલચ પણ આપવામાં આવી હતી. કંપનીએ વિભિન્ન શહેરોમાં ફ્રેન્ચાઈઝી પણ ફાળવી હતી પણ શહેરોમાં બાઈક અને ટેક્સીઓનું સંચાલન મુશ્કેલીથી થતું હતું. ઓગસ્ટ, ૨૦૧૭માં યોજનાઓ શરૂ કરવામાં આવી હતી અને રોકાણકારો પાસેથી નાણા મેળવવામાં આવ્યા હતાં. રોકાણકારોને ૨૦૧૯ સુધી વળતર આપવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. નવેમ્બર, ૨૦૧૮માં કંપનીએ ઈ બાઈક માટે આવા જ પ્રકારની યોજના જારી કરી હતી. ઈ બાઈકની સભ્ય બનવાની રકમ નિયમિત પેટ્રોલ બાઈક માટેની રોકાણ રકમ કરતા બમણી હતી.રોકાણકારોની ફરિયાદો નોઈડા એડમિનિસ્ટ્રેશનની સાથે સાથ પોલીસ અધિકારીઓને મળી હતી આમ છતાં તેમણે કોઈ કાર્યવાહી કરી ન હતી. આ ઉપરાંત એસએસપી અને એસપી ક્રાઈમે ફરિયાદકર્તાઓ પર પોતાની ફરિયાદ પરત લેવાનું દબાણ નાખ્યું હતું. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સંજય ભાટી અને તેમના સાથીઓએ સુનિયોજિત કાવતરા હેઠળ રોકાણકારો સાથે છેતરપિંડી આચરી છે.સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન(સીબીઆઈ)એ ૧૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમના બાઈક બોટ કૌભાંડની તપાસ માટે એક એફઆઈઆર દાખલ કરી છે. આ કૌભાંડ હીરા વેપારીઓ સાથે સંકળાયેલા પંજાબ નેશનલ બેંક છેતરપિંડી કેસથી પણ મોટું કૌભાંડ છે. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ સ્થિત બાઈક બોટના મુખ્ય મેનેજમેન્ટ ડાયરેક્ટર સંજય ભાટીએ ૧૪ અન્ય લોકોની સાથે મળીને દેશના રોકાણકારો સાથે કુલ ૧૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે. બાઈક બોટ કૌભાંડમાં આરોપીએ બાઈક ટેક્સી સેવાની આડમાં બાઈક બોટના નામથી આકર્ષક રોકાણ યોજનાઓ બનાવી હતી. જેમાં એક ગ્રાહક ૧,૩,૫ અથવા ૭ બાઈકમાં રોકાણ કરી શકતો હતો.

## દાહોદના નાના વાંદરીયા ગામે કોરોનામાં માતા-પિતાનું છત્ર ગુમાવનાર બાળકોને બાળ કલ્યાણ સમિતિના ચેરમનની હુફ મળી

દાહોદ,
કોરોનામાં માતા-પિતા ગુમાવનાર સંતાનોને તહેવારોમાં પારિવારિક હૂંફ મળી રહે તે માટે બાળ કલ્યાણ સમિતિના ચેરમેન અને જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઈ સોની નાના વાંદરિયા ગામે પહોંચ્યા.
નાનાં વાંદરિયા ગામે કોરોના દરમિયાન ઉદેસિંહભાઈ બારીયા અને તેમના પત્ની સવિતાબેન બારીયાનું નિધન થયું હતું. તેમના ચાર સંતાનો સોનિયાબેન, અંજનાબેન, રવિભાઈ અને શનિ ભાઈ માતાપિતાનું છત્ર ગુમાવ્યું હતું. આ બાળકોને "મુખ્યમંત્રી બાલ સેવા યોજના" દ્વારા દર મહિને દરેક બાળક દીઠ રૂપિયા ૪૦૦૦ સહાય આપવામાં આવી રહી છે. ત્યારે આવા અનાથ થયેલા બાળકોના મુલાકાતે દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રી અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ સોની આ પરિવારના બાળકીને મળવા માટે પહોંચ્યા હતા. તેઓએ બાળકો જોડે મુલાકાત અને વાતચીત કરી પરિવારની હૂંફ આપવાનો પ્રયત્ન કર્યો હતો અને બાળકોને દિવાળીના તહેવારો માટે મીઠાઈ, ચોકલેટ વગેરે આપી બાળકોની ખબરઅંતર પૂછ્યા હતા.
આ પ્રસંગે આવા પરિવારોની મુલાકાતે નરેન્દ્રભાઈ સોની, શાંતિલાલ તાવીયાડ, સંદીપ ભાટ, નેહબેન વગેરે પહોંચ્યા હતા. તે ખરેખર એક આવકારદાયક પગલું અને તેઓની સામાજિક ભાવના દર્શાવે છે.

## દાહોદ જીલ્લાનું અને વણકર સમાજનું ગૌરવ



દાહોદ,
તા.૧૨/૦૯/૨૧ના રોજ લેવાયેલ રાષ્ટ્રીય કક્ષાની નીટની પરીક્ષામાં દાહોદ નગર પાલિકાના માજી પ્રમુખ અને હાલના દાહોદ નગર પાલિકાના કાઉન્સીલર ચંદ્રકાંતાબેન ધાનકાના પુત્ર ભવ્ય ધાનકા એ ૧૬ લાખ પરીક્ષાર્થીઓમાં ૨૯૪૬ રેન્ક સાથે ૭૨૦ માંથી ૬૫૭ માર્કસ મેળવી ભવ્ય સફળતા મેળવી છે. દાહોદ જીલ્લાની સાથે વણકર સમાજનું ગૌરજ વધાર્યું છે.

## રાજકોટના આજીની સફાઈ પાછળ ૮ કરોડના ખર્ચા બાદ પણ ગંદકી ઠેર ઠેર

અમદાવાદ,
અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની જેમ આજી નદી પર આકર્ષક રિવરફ્રન્ટનો દાવો પાછલા ૧૦ વર્ષથી થાય છે. જેનું કામ આગળ ન વધતા વિપક્ષ સરકારની ઢીલી કામગીરી નિંદા કરી રહ્યો છે. તો મેયરે કહ્યું કે જરૂરી સરકારી મંજૂરી પૂર્ણ કરી કેન્દ્ર સમક્ષ પ્રોજેક્ટ તૈયાર કરી દેવાયો છે. આજી રિવરફ્રન્ટ મુદ્દે કેન્દ્રની ટીમ ટૂંકાગાળામાં જ નીરિક્ષણ કરી કામગીરી આગળ વધારશે.રાજકોટવાસીઓને આજી રિવરફ્રન્ટ યોજનાનું સ્વપ્ન વર્ષોથી બતાવવામાં આવે છે. પરંતુ રામનાથ મહાદેવ મંદિર નજીક રિવરફ્રન્ટની યોજના કાગળ પરથી આગળ વધી શકી નથી. આજી નદીમાં ગંદકીની સફાઈ માટે અત્યાર સુધીમાં ૮ કરોડ રૂપિયાનું આંધણ કરવામાં આવ્યું છે. નદીની બંને સાઈડ ડ્રેનેજની કામગીરી થઈ છે. પરંતુ આજી નદી આસપાસથી ગંદકી હજી દૂર થઈ નથી. આજી રિવરફ્રન્ટનો ૧૫૦૦ કરોડની મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ વહીવટી આંટીઘૂંટીમાં અટવાયો છે. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની પ્રક્રિયામાં વર્ષો પસાર થયા. પરંતુ યોજનાની કામગીરી હજી આગળ વધી શકી નથી.

## ગુજરાતમાં હાઈસ્પીડ રેલ કોરિડોરનું ગર્ડરનું કાસ્ટિંગ શરૂ

અમદાવાદ,
મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ (એમએએચએસઆર) ૫૦૮ કિમીમાંથી, ૩૫૨ કિમી ગુજરાત રાજ્ય (૩૪૮ કિલોમીટર) અને દાદરા અને શ્રીનગરહવેલી (૪ કિલોમીટર)માં અને બાકી ૧૫૬ કિલોમીટર મહારાષ્ટ્ર રાજ્યમાં સ્થિત છે. મેસર્સ એલએન્ડટી ૩૫૨ કિમીમાંથી, ૩૨૫ કિમી લંબાઈ માટે કાર્યકારી એજન્સી છે. તેમને બે પેકેજ એટલે કે C4 (237Km) અને C6 (88Km)નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.રેલવે અને કાપડ રાજ્યમંત્રી દર્શના જરદોશે આજે એનએચએસઆરસીએલના મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલવે કોરિડોર માટે ગુજરાતના નવસારી કાસ્ટિંગ યાર્ડમાં ૪૦ મીટરસ સ્પેનના વધુ એક ફુલ સ્પેન પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ (પીએસસી) બોક્સ ગર્ડરના કાસ્ટિંગનો શુભારંભ કર્યો. ગત મહિને,૨૮ ઓક્ટોબરે ગુજરાતના આણંદમાં કાસ્ટિંગ યાર્ડમાં પ્રથમ ફુલ સ્પેન ગર્ડરનું કાસ્ટિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દર્શના જરદોશે એનએચએસઆરસીએલ તેમજ એલએન્ડટીને અભિનંદન આપતા કહ્યું, જ્યારે દેશ કોરોનાનો સામનો કરી રહ્યો હતો ત્યારે પણ એનએચએસઆરસીએલ તથા એલએન્ડટીએ કોરોના સંબંધિત સુરક્ષા અપનાવતા જોરશોરથી કામ ચાલુ રાખ્યુ તથા આ પ્રોજેક્ટને આજે આ મુકામ સુધી પહોંચાડ્યો. તેમણે એમ પણ જણાવ્યું કે આ પ્રોજેક્ટ પર કામ ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં જ આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોવા મળશે. ૪૦ મીટર સ્પેનના પીએસસી બોક્સ ગર્ડરનું વજન લગભગ ૯૭૦ મેટ્રિક ટન છે,જે ભારતના નિર્માણ ઉદ્યોગમાં સૌથી ભારે પીએસસી બોક્સ ગર્ડર હશે. ૪૦ મીટર સ્પેન ગર્ડરને સિંગલ પીસ સ્વરૂપે કાસ્ટ કરવામાં આવે છે એટલે કે કોઈ નિર્માણ જોડાણ વિના કે જેમાં ૩૯૦ ઘન મીટર કોંક્રિટ અને ૪૨ મેટ્રિક ટન સ્ટીલ સામેલ છે. વાયડક્ટના નિર્માણમાં ગતિ લાવવા માટે, સબસ્ટ્રક્ચર અને સુપરસ્ટ્રક્ચરનું નિર્માણ સમાંતરમાં કરવામાં આવ્યું છે. સબસ્ટ્રક્ચર એટલે પાઈલ, પાઈલ કેપ, પિયર અને પિયર કેપનું કામ પ્રગતિ પર છે, સુપરસ્ટ્રક્ચર માટે, ફુલ સ્પેન ગર્ડર્સ અને સેગમેન્ટલ ગર્ડર્સને કાસ્ટ કરવા માટે સંરેખણ સાથે કાસ્ટિંગ યાર્ડ વિકસિત કરવામાં આવ્યું છે કે જેથી તેમને કાસ્ટ પિયર કેપ્સ પર ભારે મશીનોનો ઉપયોગ કરીને લોન્ચ કરી શકાય. સુપરસ્ટ્રક્ચર માટે મોટાભાગના ગર્ડર ૩૦, ૩૫ અને ૪૦ મીટર લાંબા પૂર્ણ સ્પેનના હશે, જો કે, એ સ્થળો માટે જ્યાં સાઈટનો અભાવ છે, પ્રીકાસ્ટ સેગમેન્ટના સેગમેન્ટલ લોન્ચિંગનો ઉપયોગ કરવામાં આવશે. સેગમેન્ટલ ગર્ડરની તુલનામાં ફુલ સ્પેન ગર્ડરને પ્રાથમિકતા આપવામાં આવે છે કેમકે ફુલ સ્પેન ગર્ડર લોન્ચિંગ પ્રગતિ સેગમેન્ટલ ગર્ડર લોન્ચિંગની તુલનામાં સાત ગણું ઝડપી હોય છે. ગર્ડરોના કાસ્ટિંગ માટે સંરેખણ સાથે સાથે ૨૩ કાસ્ટિંગ યાર્ડ વિકસિત કરવામાં આવી રહ્યા છે. પ્રત્યેક કાસ્ટિંગ યાર્ડ આવશ્યકતા અનુસાર ૧૬થી ૯૩ એકરના ક્ષેત્રમાં ફેલાયલ છે અને હાઈસ્પીડ રેલ અલાઈનમેન્ટની નજીક સ્થિત છે. ગુણવત્તા સાથે ગર્ડરોના ત્વરિત કાસ્ટિંગ માટે, પ્રત્યેક કાસ્ટિંગ યાર્ડમાં રિબર કેજ બનાવવા માટે જિગ્સ, હાઈડ્રોલિક સ્વરૂપે સંચાલિત પ્રી-ફેબ્રિકેટેડ મોલ્ડ્સ સાથે કાસ્ટિંગ બેડ, બેચિંગ પ્લાન્ટ, એગ્રીગેટ સ્ટેકિંગ એરિયા, સિમેન્ટ સાઈલો, ગુણવત્તા પ્રયોગશાળા અને વર્કમેન કેમ્પ જેવી સુવિધાઓ વિકસિત કરવામાં આવ્યો છે. ફુલ સ્પેન પ્રી-કાસ્ટ બોક્સ ગર્ડર્સને સ્ટ્રેડલ કેરિયર, બ્રિજ લોન્ચિંગ ગેન્ટ્રી, ગર્ડર ટ્રાન્સપોર્ટર અને લોન્ચિંગ ગેન્ટ્રી જેવી ભારે મશીનરીનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે. લોન્ચિંગ માટે ગર્ડરોની સતત સપ્લાઈ સુનિશ્ચિત કરવા માટે બોક્સ ગર્ડરોની કાસ્ટિંગ અગ્રિમ રીતે કાસ્ટિંગ યાર્ડમાં કરવામાં આવશે અને વ્યવસ્થિત રીતે સ્ટેક કરાશે. સ્ટ્રેડલ કેરિયર બોક્સ ગર્ડરને સ્ટેકિંગ યાર્ડથી ઉઠાવશે અને બ્રિજ લોન્ચિંગ ગેન્ટ્રીને ફીડ કરાશે, જે બોક્સ ગર્ડરને ઉઠાવશે અને ગર્ડરને પિયર કેપ પર બેરિંગ્સની ઉપર રાખશે. બ્રિજ લોન્ચિંગ ગેન્ટ્રી પ્રથમ ૩★૪ બોક્સ ગર્ડર્સ લોન્ચ કરશે, જેના પર ગર્ડર ટ્રાન્સપોર્ટર રાખવામાં આવશે અને ગર્ડર ટ્રાન્સપોર્ટર અને લોન્ચિંગ ગેન્ટ્રીનો ઉપયોગ કરીને ક્રમિક રીતે ગર્ડર્સનું લોન્ચિંગ આગળ પણ ચાલુ રાખશે. લોન્ચિંગ માટે કાસ્ટિંગ યાર્ડ અને ભારે મશીનરીની યોજના એ પ્રકારે બનાવાઈ છે કે એક મહિનામાં લગભગ ૩૦૦ ફૂલ સ્પેન બોક્સ ગર્ડર કાસ્ટિંગ અને લોન્ચિંગની ચરમ આવશ્યકતાને પરિપૂર્ણ કરી શકાય, જે એક મહિનામાં લગભગ ૧૨ કિલોમીટર સુપરસ્ટ્રક્ચર કાસ્ટિંગ અને ઈરેક્શનને સમાન છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.63

